**ફોજદારી કેસ નં. 2343/69**

**–: આંક–૧ લખત હુકમ :–**

૧. આ કામે આરોપી સામે ફરીયાદ દાખલ થતા, તપાસના અંતે ચાર્જશીટ રજુ કરવામાં આવતા, આરોપી વિરુધ્ધ પ્રોસેસનો હુકમ કરવામાં આવેલ જે વગર બજયે પરત આવેલ છે. આરોપી મળી આવતા નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઑથૉરીટીએ પરીપત્ર ધ્વારા સ્પેશીયલ સીટીંગનુ આયોજન કરી, કેસોનો નિકાલ કરવાનું જણાવવામા આવેલ છે. આ તબક્કે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ:૨૫૮ વંચાણે લેવી જરુરી છે. જે નીચે મુજબ છે.

**કલમ :– ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

> **ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસમાં** પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પુર્વમંજુરી થી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

૩. આમ, આ કલમ વંચાણે લેતાં, સ્પષ્ટ છે કે, ફરિયાદ પરથી દાખલ થયેલાં હોય, તે સિવાયનાં કોઈ સમન્સ કેસમાં આ અદાલતને ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબક્કે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન–તહોમત મુકત કરવામાં આવે, એવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદનો પુરાવો લેવાયો ન હોય, તો આરોપીને મુકત કરવામાં આવે, ત્યારે બિન–તહોમત મુકત કરવામાં આવ્યા હોય, તેવી અસર થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી

સાથે ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ–૩૦૦ (૧) અને (૫) નો બાધ આવશે નહિ. વધુમાં આ અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચા ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફરિયાદ કલમ–૨ (ઘ) થી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં, આરોપીને પ્રોસેસ કરતા આરોપી જણાવેલ સરનામે મળી ન આવતા હોય કે નજીકના ભવિષ્યમાં મળી આવે તેમ જણાતુ ન હોય કેસનુ ભારણ બીનજરુરી રીતે કોર્ટને કહેતુ હોય, પ્રોસેસ વગર બજે પરત આવેલ છે. એવા સંજોગોમા હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગળ ચલાવવી ન્યાયનાં હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુ કુ મ :–**

➔ હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ બંધ રાખી, આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

➔ મુદ્દામાલ દેશી/ ઈંગ્લીશ દારુનો અપીલ સમય બાદ નાશ કરવો.

➔ મુદ્દામાલ રોકડ રકમ જપ્ત કરી, અપીલ સમય બાદ સરકાર ખાતે જમા કરવી.

➔ પોલીસે કબજે કરેલ મુદ્દામાલ વાહન અંગે જો અગાઉ હુકમ કરી વચગાળાની કસ્ટડી તેના અરજદારને સોંપવામા આવી હોય તો તે હુકમ કાયમ રાખવામા આવે છે અને જો આવો કોઈ હુકમ ન થયો હોય તો મુદ્દામાલ વાહન તેના રજીસ્ર્ટડ માલીકને આર.સી.બુકની નકલ રજુ કર્યેથી ઓળખની ખાત્રી કરી પરત આપવુ.

➔ બીનકીમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

➔ જો આરોપીની રોકડ જામીનગીરી જમા હોય તો અપીલ સમય બાદ સરકાર ખાલસા કરવી.

આજ રોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખ : ૨૨/૦૭/૨૦૧૯.

મુકામ : અમદાવાદ.

( એચ. એસ. લાંગા )
એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,
કોર્ટ નં. ૫, અમદાવાદ.
કોડ નં. જીજે–૦૦૧૦૦૦.

(80)



ફોજદારી કેસ નંબરઃ 2343/09

પોલીસ તપાસનાં ચાર્જશીટ આંક-૧ લગત હુકમ.

તમામ કેસ પેપર્સ તથા રજુઆત ધ્યાને લેતાં સદરહુ કેસમાં પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપી કે સાક્ષી મળી આવતા નથી કે, મળી આવવાની સંભાવના નથી, આરોપીને શોધવા પુરતા પ્રયત્ન કરવા છતાં આરોપી મળી આવતા નથી અને કેસમાં હાલની કાર્યવાહી આરોપી તથા સાક્ષીઓ હાજર ન રહેવાના કારણે આગળ ચાલતી નથી તેથી ફરીયાદપક્ષ મારફતે આ કેસ આગળ ચાલતો ન હોઈ કે આગળ ચલાવવા માંગતા ન હોય તેવું સ્પષ્ટ જણાતું હોઈ, તથા સરકારશ્રીનાં પરિપત્ર મુજબ તથા ક્રિમીનલ મેન્યુઅલનાં નિયમ-૨૧૧ મુજબ સદરહુ કામ ડોરમેન્ટ ફાઈલે મુકવાનો હુકમ કરવામાં આવે છે. તથા આરોપી ભવિષ્યમાં મળી આવ્યે ફરીયાદપક્ષ મારફતે આ સબબની કાર્યવાહી ફરી થી ચાલુ કરવા અંગે સદરહુ હુકમથી કોઈ બાધિત થશે નહી.

હુકમ આજ રોજ તાઃ / /૨૦૧6નાં રોજ જાહેર કર્યો.

તા.7/3/૨૦૧6

સ્થળઃઅમદાવાદ

(સહી)

(એચ.એસ.લાંગા)

એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

કોર્ટ નં.૫, અમદાવાદ.

કોડનં.જીજે.૦૧૦૦૦